## પીરાણા ખાતે કોમન એફ્યુલેન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ

**માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરના પીરાણા રોડના સુએઝ ફાર્મ ખાતે કોમન એફ્યુલેન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP)ની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી, | (૧) તા.૨૯–૧૧–૨૦૧૯. |
| (૨) આ પ્લાન્ટની કામગીરીમાં કેન્દ્ર સરકારનો, રાજ્ય સરકારનો અને અ.મ્યુ.કો. નો કેટલો ફાળો છે, અને | (૨) કેન્દ્ર સરકારનો ફાળોઃ મહત્તમ રૂ.૨૯.૪૧ કરોડ, રાજ્ય સરકારનો ફાળોઃ મહત્તમ રૂ.૨૮.૧૮ કરોડ અને અ.મ્યુ.કો. ફક્ત પ્રોજેક્ટ અમલીકરણ અને નોડલ એજન્સી તરીકે છે. |
| (૩) તે પૈકી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને અ.મ્યુ.કો. એ કેટ કેટલી રકમ ફાળવી છે ? | (૩) પ્રોજેક્ટ નિયત સમય મર્યાદામાં પૂર્ણ થયેલ ન હોઈ કેન્દ્ર સરકારની ગ્રાન્ટની ચુકવણી થયેલ નથી. રાજ્ય સરકારમાંથી રૂ.૨૩.૦૦ કરોડની ફાળવણી થયેલ છે અ.મ્યુ.કો. ફક્ત પ્રોજેક્ટ અમલીકરણ અને નોડલ એજન્સી તરીકે હોઈ અ.મ્યુ.કો. દ્વારા કોઈ રકમ ફાળવવાની થતી નથી. |